સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૧૫
ફોન : (079) 2674 7612-36 ફેક્ષ : (079) 2674 9048
www.spipa.gujarat.gov.in

# જાહેરાત

**(ક્રમાંક: સીજીઆરએસ-તાલીમ/૨૦૧૯-૨૦/પ્રવેશ પરીક્ષા-૦૨/ઇડીપી)**

**કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (class 1-2 ) માટેનો પ્રશિક્ષણવર્ગો ૨૦૧૯- ૨૦**

**(આ ગુજરાત સરકાર ધ્વારા સંચાલિત પ્રશિક્ષણવર્ગ છે. નોકરી માટેની જાહેરાત નથી.)**

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે **કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોમાં વર્ગ-૧-૨ની ભરતીના કામે આઇ.બી.પી.એસ., આર.બી.આઇ., એસ.બી.આઇ., એલ.આઇ.સી., એસ.એસ.સી., આર.આર.બી.** વગેરે જેવી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના **પ્રશિક્ષણવર્ગો ૨૦૧૯-૨૦માં** પસંદ થવા માટેની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર **તા.૧૩/૦૮/૨૦૧૯ થી તા.૨૮/૦૮/૨૦૧૯** (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમિયાન અરજી કરવાની રહેશે અને અરજી કર્યા બાદ પરીક્ષા ફી (૧)**Offline Mode:**પોસ્ટ ઓફિસમાં પ્રવેશ પરીક્ષા ફી ભરવા અંગેના ચલણની પ્રિન્ટ કાઢીને ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં **તા.૧૩-૦૮-૨૦૧૯ થી તા.૩૦-૦૮-૨૦૧૯ સુધી**(પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમિયાન) પરીક્ષા ફી ભરી શકશે અને (૨) **Online Mode:**http://ojas.gujarat.gov.in/ની વેબસાઇટ પર **Online Payment Gateway**નો ઉપયોગ કરીને **તા.૧૫-૦૮-૨૦૧૯ થી તા.૩૦-૦૮-૨૦૧૯ સુધી** (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી)પ્રવેશ પરીક્ષા ફી ભરી શકાશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kb) અને Signature (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે. જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે પોતાના બધા જ શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, જાતિ અને અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને સંસ્થા ધ્વારા માંગણી થયેથી અચૂક રજૂ કરવાના રહેશે.

નોંધ:-ઓન લાઇન અરજી કરતી વખતે ઉમેદવારે પોતાનો જ ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબર લખવો. જેથી સંસ્થા દ્વારા જરૂર પડયેથી સંપર્ક કરી શકાય.

## ૨. <u>ઉક્ત જણાવેલ પ્રશિક્ષણવર્ગો ૨૦૧૯-૨૦ માટેની વિગત નીચે મુજબ છે.</u>

| ક્રમ નં | સેન્ટરનું નામ | કુલ બેઠક | બિન અનામત (૫૧%) | | | એસસી (૭%) | | | એસટી (૧૫%) | | | એસસીબીસી (૨૭%) | | | ૧૦ ટકા EWS | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | મહીલા (33%) | કુલ | પુરૂષ | મહીલા (33%) | કુલ | પુરૂષ | મહીલા (33%) | કુલ | પુરૂષ | મહીલા (33%) | કુલ | પુરૂષ | મહીલા (33%) | કુલ |
| ૧. | સ્પીપા, અમદાવાદ | ૧૨૬ | ૩૪ | ૧૭ | ૫૧ | ૬ | ૩ | ૯ | ૧૩ | ૬ | ૧૯ | ૨૩ | ૧૧ | ૩૪ | ૯ | ૪ | ૧૩ |
| | | ૧૨૬ | ૩૪ | ૧૭ | ૫૧ | ૬ | ૩ | ૯ | ૧૩ | ૬ | ૧૯ | ૨૩ | ૧૧ | ૩૪ | ૯ | ૪ | ૧૩ |
| ૨. | આરટીસી, અમદાવાદ | ૬૩ | ૧૭ | ૦૯ | ૨૬ | ૩ | ૧ | ૪ | ૬ | ૪ | ૧૦ | ૧૧ | ૬ | ૧૭ | ૪ | ૨ | ૬ |
| | | ૬૩ | ૧૭ | ૦૯ | ૨૬ | ૩ | ૨ | ૫ | ૬ | ૩ | ૦૯ | ૧૨ | ૫ | ૧૭ | ૪ | ૩ | ૭ |
| ૩. | આરટીસી, રાજકોટ | ૬૩ | ૧૭ | ૦૯ | ૨૬ | ૩ | ૧ | ૪ | ૬ | ૪ | ૧૦ | ૧૧ | ૬ | ૧૭ | ૪ | ૨ | ૬ |
| ૪. | આરટીસી, વડોદરા | ૬૩ | ૧૭ | ૦૯ | ૨૬ | ૩ | ૧ | ૪ | ૬ | ૪ | ૧૦ | ૧૧ | ૬ | ૧૭ | ૪ | ૨ | ૬ |
| ૫ | આરટીસી, સુરત | ૬૩ | ૧૭ | ૦૯ | ૨૬ | ૩ | ૧ | ૪ | ૬ | ૪ | ૧૦ | ૧૧ | ૬ | ૧૭ | ૪ | ૨ | ૬ |
| | કુલ | ૫૬૭ | ૧૫૩ | ૭૯ | ૨૩૨ | ૨૭ | ૧૧ | ૩૮ | ૫૭ | ૩૧ | ૮૮ | ૧૦૧ | ૫૨ | ૧૫૩ | ૩૮ | ૧૮ | ૫૬ |

- <u>સંભવિત તાલીમ વર્ગો :-</u>

| અ.નં. | તાલીમ વર્ગનું આયોજન | તારીખ |
|---|---|---|
| (૧) | પ્રથમ તાલીમ વર્ગ. | તા.૦૧/૧૧/૨૦૧૯ થી તા.૨૮/૦૨/૨૦૨૦ |
| (૨) | બીજો તાલીમ વર્ગ | તા.૦૧/03/૨૦ થી તા.30/0૬/૨૦૨૦ |

## ૩. <u>શૈક્ષણિક લાયકાત અને પાત્રતા</u>

1. **શૈક્ષણિક લાયકાત:** કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર ધ્વારા કાયદાથી સ્થાપિત **<u>માન્ય યુનિવર્સીટી/ડીમ્ડ યુનિવર્સીટીમાંથી સ્નાતક</u>** થયેલ હોવા જોઇએ.
2. **રાષ્ટ્રીયતા:** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.
3. આ તાલીમમાં જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી હોય અથવા જે ઉમેદવારોએ માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરી હોય અથવા સ્નાતક કક્ષાની પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરેલ હોય અથવા ૧ લી ઓગષ્ટ ૨૦૨૦ પહેલા ગુજરાતમાં પાંચ વર્ષનો સળંગ વસવાટ કરેલ હોય અને હાલ ગુજરાતમાં

સ્થાયી હોય તેવા ઉમેદવારો આ તાલીમવર્ગમાં દાખલ થવા માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે.

4. જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારનું નોન-ક્રીમીલેયર સર્ટી તેમજ સંબંધિત જાતિ પ્રમાણપત્રો તથા અન્ય તમામ ડોકયુમેન્ટ સંસ્થા દ્વારા જે તારીખે રજુ કરવા જણાવવામાં આવે તે તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૪. **વયમર્યાદા: (તા.૦૧/૦૮/૨૦૨૦ સુધી)**

1. ઓછા ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૨૮ વર્ષ સુધી,
2. સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે નહીં.
3. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
4. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5. અંધ ઉમેદવાર અને શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

૫. **પ્રવેશ પરીક્ષા:**

૧. પ્રવેશ પરીક્ષા માટે કોન્ટીટેટીવ એપ્ટીટયુડ, રિઝનીગ, જનરલ અવેરનેસ અને અંગ્રેજીનું મળી કુલ-૨૦૦ માર્કસનું પેપર MCQ **(Multiple Choice Question)** મુજબ લેવામાં આવશે.

૨. **પ્રવેશ પરીક્ષા** (આકસ્મિક સંજોગો સિવાય) તા.૧૫/૦૯/૨૦૧૯ **ને** રવિવારના રોજ લેવામાં આવશે. જેની વિગત નીચે મુજબ છે.

૩. **હેતુલક્ષી પ્રવેશ પરીક્ષા (Multiple Choice Question Exam):-**

| તારીખ | સમય | વિષય | ગુણ |
|---|---|---|---|
| ૧૫-૦૯-૨૦૧૯ | ૧૧-૦૦ થી૧૩-૦૦ | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | ૫૦ |
| | | (૨)વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | ૫૦ |
| | | (3) ઇંગ્લીશ (અંગ્રેજી) | ૫૦ |
| | | (૪) જનરલ અવેરનેસ અને કરન્ટ અફેર્સ | ૫૦ |
| કુલ ગુણ | | | ૨૦૦ |

| | |
|---|---|
| **પ્રવેશ પરીક્ષા માટેનું કેન્દ્ર:** વિગતવાર કેન્દ્રની જાણ પ્રવેશપત્ર (Hall Ticket) ઉમેદવાર https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે. | |
| **નોંધ** :- (૧) ખોટા જવાબ બદલ પ્રશ્નના ૧/૩ ગુણ બાદ કરવામાં આવશે.<br>(૨) અંધ ઉમેદવારને ૨૦ મિનિટ વધારાના સમય તરીકે આપવામાં આવશે.<br>(૩) પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનું રહેશે. ( બહુવિધ પસંદગી પ્રશ્ન ).<br>(૪) ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં રહેશે. | |

૪. **હોલ ટીકીટ ડાઉનલોડ/પ્રિન્ટ આઉટ કરવા બાબત:-**

**તા.૧૫-૦૯-૨૦૧૯ને** રવિવારના રોજ યોજાનાર પરીક્ષાની હોલ ટીકીટ તા.૦૯/૦૯/૨૦૧૯ થી તા.૧૫/૦૯/૨૦૧૯ **(સવારના ૧૦.૩૦ વાગ્યા સુધી)** દરમિયાન ડાઉનલોડ કરી પ્રિન્ટ આઉટની નકલ મેળવી લેવાની રહેશે.

૫. પ્રવેશ પરીક્ષા **અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને મહેસાણા ખાતે યોજવામાં આવશે. તમે જે કેન્દ્ર ખાતે પરીક્ષા આપવા માગતા હો તે અંગે ક્રમાનુસાર ૫ વિકલ્પ આપવાના રહેશે.** પ્રવેશ પરીક્ષાના સ્થળ બદલવા કે અન્ય સ્થળે પ્રવેશ પરીક્ષાના આયોજન અંગેના તમામ નિર્ણયોમાં સ્પીપાનો નિર્ણય આખરી ગણાશે. સ્પીપાના નિર્ણય સામે કોઇપણ પ્રકારની ફરીયાદ/ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

**પરીક્ષાનો અભ્યાસક્રમ:**

| The examination consists of :- | | |
|---|---|---|
| Paper | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | 50 Marks |
| | ૨) વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | 50 Marks |
| | (૩) ઇંગ્લીશ | 50 Marks |
| | (૪) જનરલ અવેરનેસ અને કરન્ટ અફેર્સ | 50 Marks |
| | Total | 200 Marks |

૮. **અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં ફક્ત ઓન લાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ તારીખ મુજબ **તા.૧૩/૦૮/૨૦૧૯ થી તા.૨૮/૦૮/૨૦૧૯** ( સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમિયાન https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર Online Application મેનું Click કરી તેના Apply સબમેનુ પર Click કરી સિલેકશનના ડ્રોપડાઉન મેનુમાંથી " Sardar Patel Institute of Public Administration (SPIPA) પર Click કરવાથી જાહેરાત ક્રમાંક/ સીજીઆરએસ -તાલીમ/૨૦૧૯-૨૦/પ્રવેશ પરીક્ષા-૨/ઇડીપી "**કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (class 1-2 ) માટેના પ્રશિક્ષણવર્ગ ૨૦૧૯-૨૦ "** પર "Details" પર ક્લિક

કરવાથી કેટેગરી પ્રમાણે જગ્યાની વિગતવાર માહિતી વાંચી શકશો અને “Apply” પર Click કરી “Apply now” પર Click કરવાથી ઓન લાઇન અરજીપત્રક ભરી શકાશે.

ઓનલાઇન અરજીપત્રક ભરવા માટેનું માર્ગદર્શન ઉકત વેબસાઇટના હોમપેજ પર Bottom માં How to Apply પર Click કરી મેળવી શકાશે. જે માટે નીચેની લીંક પર Click કરવું. https://ojas.gujarat.gov.in/Images/HowToApply.pdf

૮. **પ્રવેશ પરીક્ષા ફી:**

1. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજિયાત છે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે નહીં.
2. સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે **રૂ!.૩૦૦/- + ચાર્જીસ** અને અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.શૈ.પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો, દિવ્યાંગ ઉમેદવારો અને માજીસૈનીકો માટે રૂ!.૧૦૦/- પ્રવેશ પરીક્ષા ફી (નોન-રીફંડેબલ) ભરવાના રહેશે.
3. પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટે(૧)**Offline Mode:**પોસ્ટ ઓફિસમાં પ્રવેશ પરીક્ષા ફી ભરવા અંગેના ચલણની પ્રિન્ટ કાઢીને ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં તા.૧૩-૦૮-૨૦૧૯ થી તા.૩૦-૦૮-૨૦૧૯ સુધી(પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમિયાન) પરીક્ષા ફી ભરી શકશે અને (૨) **Online Mode:**http://ojas.gujarat.gov.in/ની વેબસાઇટ પર **Online Payment Gateway**નો ઉપયોગ કરીને તા.૧૫-૦૮-૨૦૧૯ થી તા.૩૦-૦૮-૨૦૧૯ સુધી (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી)પ્રવેશ પરીક્ષા ફી ભરી શકાશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.
4. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

૯. **સામાન્ય સૂચનાઓ :**

1. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
2. પ્રવેશ પરીક્ષાના સમય પહેલાં ત્રીસ મિનિટ અગાઉ ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.
3. ઉમેદવાર પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકશે નહી.
4. પરીક્ષા શરૂ થયા પછી પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.
5. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખ માંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. ઉમેદવારે પોતાના પેપર માંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહીં. આ સૂચનાના ભંગ બદલ કસૂરવાર ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

6. પ્રવેશ પરીક્ષા પરિણામ આકસ્મિક સંજોગો સિવાય તા.૩૦/૦૯/૨૦૧૯ સુધીમાં સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

7. પરીક્ષામાં સફળ ઉમેદવારોને પત્રથી જાણ કરવામાં આવશે છતાંય પરિણામ સ્પીપાની વેબસાઇટ https://spipa.gujarat.gov.in ઉપર મૂકવામાં આવશે. જરૂર જણાય તો 'સ્પીપા' ના ટેલિફોન નંબરો ઉપર સંપર્ક કરવાથી પણ પરિણામ જાણી શકાશે.

8. સંસ્થા જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની સાથે મળીને નકલ કરવા કેલ્ક્યુલેટર, મોબાઇલ, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે અન્ય ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (૯) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૦) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવા માટે અથવા યથા પ્રસંગ મદદ કરવા માટે અથવા (૧૧) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત સંસ્થા, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.

9. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને મૌખિક કસોટી સમયે ઉમેદવારે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા ધ્વારા "રદ" કરવામાં આવશે.

10. સંસ્થા ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને પ્રવેશ માટેનો હક મળી જતો નથી. પ્રવેશ સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

11. પસંદગી પામેલ ઉમેદવારને સંસ્થાના નિયમ મુજબ શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ મળશે..

12. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે દાવો કરવાને હકદાર થશે નહીં, સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે અભ્યાસ સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો ઉમેદવારને પડતો મુકી શકાશે. પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

13. આ જાહેરાત તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યક્તા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહીં.

14. આ તાલીમ દરમ્યાન ઉમેદવારોને લોજીંગ બોર્ડીંગની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે નહી. પરંતુ લાયબ્રેરી સુવિધા આપવામાં આવશે. લાયબેરી ડીપોઝીટ પેટે રૂા.૨૦૦૦/- અને તાલીમ ડીપોઝીટ પેટે રૂા.૫૦૦૦/- પસંદગી પામેલ ઉમેદવારે ભરવાના રહેશે.

15. આ તાલીમમાં તાલીમાર્થીએ નિયમિત હાજર રહેવાનું રહેશે. ૭૫ ટકાથી ઓછી હાજરી હશે તેઓને તાલીમમાંથી રુખસદ આપી તેઓની તાલીમ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત બેચ શરૂ થયા બાદ એક માસ સુધી તાલીમાર્થીઓની હાજરી ઉપર સતત નજર રાખવામાં આવશે. આ દરમિયાન સતત ગેરહાજર રહેનાર તાલીમાર્થીનો પ્રવેશ રદ કરી તેના બદલે પ્રતિક્ષાયાદીમાંથી કેટેગરી/મેરીટ મુજબ લાયક ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

## ૧૦. <u>પ્રાથમિક કસોટી માટેના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ:-</u>

1. **<u>પ્રશ્નપત્ર</u>** - ૨૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions) રહેશે.

2. પ્રશ્નપત્રમાં નીચેના વિષયો આવરી લેતા પ્રશ્નો પૂછવામાં આવશે.

**Paper**

| Paper | | |
|---|---|---|
| | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | 50 Marks |
| | (૨) વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | 50 Marks |
| | (3) ઇંગ્લીશ | 50 Marks |
| | (૪) જનરલ અવેરનેસ અને કરન્ટ અફેર્સ | 50 Marks |
| | Total | 200 Marks |

3. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઇ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.
4. પ્રવેશ પત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં
5. પ્રવેશ પરીક્ષાના સમય પહેલાં ૩૦ મિનિટ અગાઉ ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.
6. ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકશે નહી.
7. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ ઉમેદવાર પોતાના પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહીં. આ સૂચનાના ભંગ બદલ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
8. પ્રવેશ પરીક્ષા શરૂ થયા બાદ તે પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.
9. પરીક્ષા હેતુલક્ષી(Multiple Choice Questions) OMR based લેવામાં આવશે.
10. <u>**પ્રશ્નપત્ર**</u>: ૨૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions)રહેશે.
11. પ્રશ્નોના જવાબો અલગ આપેલ OMRsheet પર જ દર્શાવવાના રહેશે. જવાબો બોલપેન (બ્લ્યુ/કાળી)થી ફક્ત (●) કરીને વિકલ્પની સામે આપવાના છે. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઇ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.
12. OMRsheet માં નિયત જગ્યાએ તમારો બેઠક નંબર,નામ અને કેટેગરી (Category) અવશ્ય લખવી.
13. OMRsheet માં જવાબ માટે બોલપેન (બ્લ્યુ/કાળી)થી કરેલ (●) નિશાની સિવાયનું કોઇપણ પ્રકારનું લખાણ અથવા એક કરતાં વધુ વૈકલ્પિક ઉત્તરો ગુણને પાત્ર થશે નહીં.
14. OMRsheet ઉપર નિરીક્ષકની સહી છે કે નહીં તેની ખાત્રી કરી લેવી. જો તમારી OMRsheet ઉપર નિરીક્ષકની સહી નહીં હોય તો તેવી OMRsheet મૂલ્યાંકન માટે ગણાશે નહીં.
15. ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબો બદલ પ્રશ્નના ગુણના ૩૩% ગુણ બાદ કરવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ આપવામાં નહીં આવે તેની કોઇ પેનલ્ટી થશે નહીં.
16. ઉમેદવારે સાચો બેઠક નંબર અને અરજીમાં દર્શાવેલ કેટેગરી OMRsheet માં અવશ્ય દર્શાવવાની રહેશે. બેઠક નંબર સિવાય અથવા ખોટા નંબરની OMRsheet ની ચકાસણી કરવામાં આવશે નહીં.

17. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત OMR Sheet નિરીક્ષકને સોંપી દેવી.

18. જૂના પ્રશ્નોપત્રો સ્પીપાની વેબસાઇટ ઉપર મૂકવામાં આવ્યા છે. જેના આધારે પ્રશ્નોપત્રો વિશેની સમજ સ્પષ્ટ થશે.

## ૧. <u>સામાન્ય શરતો:</u>

૧. અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહી.

૨. તારીખ: ૦૧/૦૪/૨૦૧૭ના રોજ કે ત્યારબાદ ઈસ્યુ થયેલ "ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર"ની મહત્તમ અવધિ ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું ઈસ્યુ પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ (આ જાહેરાત માટે તા.૨૮/૦૮/૨૦૧૯) સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. નોંધ: ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે.

૩. ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમિયાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો તેની જાણ સ્પીપાને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

૪. આર્થિક રીતે નબળાં વર્ગના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩-૦૧-૨૦૧૯ ના ઠરાવક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અને તા.૦૮-૦૫-૨૦૧૯ ના ઠરાવક્રમાંક:સશપ/૧૨૨૦૧૯/૧૪૯૭૬૯/અ અન્વયે નિયત કરેલ સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૫. અરજદારના અસલ પ્રમાણપત્રો સંસ્થા ધ્વારા મંગાવવામાં આવે તે સમયે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં.

૬. પરીક્ષા ફી ભર્યા બાદ ફી રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ તેને પરત ખેંચી શકાશે નહીં.

૭. ફી ભર્યા સિવાયની અરજી મળેલ હશે તો વિચારણામાં લેવામાં આવશે નહીં.

૮. સંસ્થા તરફથી આપવામાં આવતી અદ્યતન સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ અવારનવાર જોતા રહેવું.

૯. પ્રવેશ પરીક્ષાની જાહેરાત અન્વયેનાં મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે **ટોલફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૫૫૦૦**નો ઉપયોગ કરવો.

**સહિ----**

નાયબ મહાનિર્દેશક<br>સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,<br>અમદાવાદ

તા.૦૮/૦૮/૨૦૧૯<br>સ્થળ:- અમદાવાદ